"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૦૬/૦૫/૨૦૧૫

તંત્રી શ્રી, ____________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સહી)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## ગુજરાતમાં હાડકાં ના દાનનો બીજો બનાવ

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ કોકીલાબેન ધનશ્યામભાઈ સોનાણીના પરિવારે કિડની, લીવરની સાથે હાડકાંનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: કોકીલાબેન ધનશ્યામભાઈ સોનાણી ઉ. વ.૪૫ બ્લડ ગ્રુપ: O+

રહેવાસી: A-303, ત્રીજો માળ, હરીશપુરી કોમ્પલેક્ષ, કુસુમ પાર્ક સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડરોડ, સુરત

મૂળ રહેવાસી : ગામ: ગોરડકા , તા. ગઢડા (સ્વામિના) જી. બોટાદ

કૌટુંબિક વિગત :પતી: ધનશ્યામભાઈ ઓઘાભાઈ સોનાણી ઉ. વ.૪૮

વ્યવસાય : કતારગામ રોડ ઉપર આવેલ ગોપીનાથ જેમ્સમાં મેનેજર તરીકે કાર્ય કરે છે.

પુત્ર: રૌકિક ધનશ્યામભાઈ સોનાણી ઉ. વ.૨૨

વાઘોડીયામાં આવેલ પારુલ યુનિવર્સીટીમાં મીકેનીકલ એન્જીનીયરીંગના ચોથા વર્ષમાં અભ્યાસ કરે છે.

પુત્રી: કિર્તિકા ધનશ્યામભાઈ સોનાણીઉ. વ. ૧૮

બનાવની વિગત:

સોમવાર તા. ૦૪ મે, ૨૦૧૫ના રોજ કોકીલાબેન ધનશ્યામભાઈ સોનાણી સાંજે ૦૮:૦૦ કલાકે એક સામાજિક ફંકશનમાં તેમના પરિવાર સાથે ગયા હતા. ત્યાં તેઓ જમીને બેઠા હતા ત્યારે માથામાં દુખાવાની ફરિયાદ કરી હતી, ત્યારબાદ તેઓને વોમીટ થઇ, તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક આયુષ આઈ. સી. યુ. & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં કાર્ડીયોલોજીસ્ટ ડો. નિલેશ પરસોતમની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા જ્યાં કાર્ડીયોલોજીસ્ટ અને ન્યુરોલોજીસ્ટની ટીમ દ્વારા CT સ્કેન અને MRI Brain કરાવ્યા. બાદ મોયા મોયા નામના રોગનું નિદાન થયું હતું.

બુધવાર તા. ૦૬ મે, ૨૦૧૫ના રોજ ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડો. પરેશ ઝાંઝમેરાએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

૨...

---

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7852 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



કાર્ડિયોલોજીસ્ટ ડૉ. નિલેશ પરસોત્તમભાઈએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનિક સંપર્ક કરી કોકિલાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી કાર્ડિયોલોજીસ્ટ ડૉ. નિલેશ પરષોત્તમ ની સાથે રહી કોકિલાબેનના પતિ ઘનશ્યામભાઈ, પુત્ર રીકિશ અને ભત્રીજા અરવિંદભાઈને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

કોકિલાબેનના પતિ ઘનશ્યામભાઈ અને પુત્ર રીકિશે જણાવ્યું કે "અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેઓનું શરીર બાળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરી કિડની અને લિવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

તદઉપરાંત નીલેશ માંડલેવાલાએ તેઓને હાડકાંના દાન માટે સમજાવતા જણાવ્યું હતું કે, જો તેઓ હાડકાંનું પણ દાન કરશે તો આ હાડકાંઓ કેન્સરના દર્દીઓ અને હાડકાંના બીજા અન્ય દર્દીઓને મદદરૂપ થશે. ત્યારે પરિવારજનોએ જણાવ્યું કે આવા દર્દીઓને ક્વોલીટી લાઈફ મળે. તે માટે શરીરના જે કોઈ પણ અંગોનું દાન થઇ શકતું હોય તે માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની અને હાડકાંના દાન ની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જ્યારે હાડકાંના દાન લેવા માટે આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરીને જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જાંઘના હાડકાંઓનું દાન આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમે સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની અમદાવાદના રહેવાસી શ્રેયસ પંડ્યા ઉ.વ. ૬માં અને બીજી કિડની જુનાગઢના રહેવાસી પ્રશાંત વિશાનાગરા ઉ.વ. ૧૪ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર પાલીતાણાના રહેવાસી માલસુર હેતુભાઈ લુણી ઉ. વ. ૨૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બંને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ.જમાલ રીઝવી,ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કોકિલાબેનના પતિ ઘનશ્યામભાઈ, પુત્ર રીકિશ, પુત્રી કિંતીકા, ભત્રીજા અરવિંદભાઈ, કાર્ડિયોલોજીસ્ટ ડૉ. નિલેશ પરષોત્તમ, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલ, આયુષ આઈ. સી. યુ. & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૫૦ કિડની, ૫૧ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૪ હૃદય અને ૧૨૬ ચક્ષુઓનો દાન મેળવીને ૩૩૪ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

છેલ્લા ત્રણ દિવસમાં બીજી વખત હાડકાંઓનું દાન આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમ દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં જાંઘના હાડકાઓનું દાન લેવામાં આવ્યુ હતુ.

૩...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 DL 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



આ હાડકાંઓ લીધા બાદ તેને સાફ કરીને -૮૦ડીગ્રી ઉપર સ્ટોર કરી તેને મુંબઈમાં આવેલ ટાટા મેમોરીયલ હોસ્પીટલમાં પ્રોસેસ કરવા માટે મોકલવામાં આવે છે. ત્યાં ગામારેયસથી તેને પ્રોસેસ કરી સ્ટરાઈલ કરવામાં આવે છે. પ્રોસેસ કરેલા હાડકાંઓને ફરી આસુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં મંગાવવામાં આવશે.દાન માં મેળવવામાં આવેલા હાડકાંઓનો સર્જરીપર્પઝ ઉપયોગ થાય છે મોટા ફ્રેકચરના કેસમાં આ હાડકાં ખુબ ઉપયોગી સાબિત નીવડે છે. આ હાડકાંઓની જરૂરિયાત કેન્સરના દર્દીઓ અને હાડકાંના અન્ય બીજા દર્દીઓ માટે, ભારતમાં કોઈપણ હોસ્પિટલને જરૂર હોય ત્યાં મોકલવામાં આવે છે. આ હાડકાંઓને વધુમાં વધુ ૪ વર્ષ સુધી વાપરી શકાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં શરીર ખરાબ થતું નથી.

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961